**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૨૯ ટકા

# કોરોનાની સારવાર માટે સિવિલની તૈયારીઓની માહિતી મેળવતાં ધારાસભ્ય રીટાબેન પટેલ




ગાંધીનર ઉત્તર મતવિસ્તારના મહિલા ધારાસભ્ય રીટાબેન કેતનભાઈ પટેલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતાં જ્યાં તેઓએ વર્તમાન આરોગ્ય સુવિધાઓની સમીક્ષા કરી ફરજ પરના તબીબો સાથે આરોગ્ય વિષયક ચર્ચા કરી હતી. ધારાસભ્ય રીટાબેન પટેલે કોવિડની સારવારની વ્યવસ્થા અંગે સિવિલ હોસ્પિટલની તૈયારીઓ અને આયોજન વિશે તાગ મેળવ્યો હતો.

## જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં રંગારંગ બાલ મહોત્સવની ઉજવણી




ગાંધીનગર, તા.૨૩

અભ્યાસની સાથેસાથે બાળકો ખેલદીલી દાખવે અને અન્ય સહ અભ્યાસી પ્રવૃતિઓમાં રસ લઈ સર્વાંગી વિકાસ થાય તે હેતુથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં શિયાળાની ઠંડીના ખુશનુમા વાતાવરણમાં સંસ્થાના આદ્યસ્થાપક દાસકાકાની સ્મૃતિ બાલ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ધો.૧ થી ૮ના કુલ ૨૯૫ વિદ્યાર્થીઓએ વેશભુષા, એકપાત્રીય અભિનય, ડાન્સ, ગીત સ્પર્ધા, નિબંધ લેખન, સુલેખન, વેસ્ટમાંથી બેસ્ટ જેવી સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાની સુષુપ્ત શક્તિઓ ખીલવી હતી. વેશેશભુષા એકપાત્રીય અભિનય અને ડાન્સ જેવી સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ આધુનિક અને પરંપરાગત વેશ પરિધાન કરી કલાને ઉજાગર કરી હતી. નિબંધ લેખનની સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ મારા સ્વપ્નનું ભારત વિષય પર લેખન કર્યુ હતું. શાળાના શિક્ષકોના માર્ગદર્શનથી અને વાલીઓના સહકારથી વિદ્યાર્થીઓ પ્રવૃતિમાં ભાગ લેવા પ્રેરિત થયા હતા અને સમગ્ર આયોજનને સફળ બનાવ્યું હતું.

## જન્મદિને વધામણી


અમીતા ચિરાગ ગોહેલ
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬


પ્રમોદ દવે
મો. ૯૪૨૭૩ ૦૦૪૧૯


શૈલેષભાઈ મંગળદાસ પટેલ
મો. ૯૯૧૩૬ ૧૨૨૨૧


નિવાન મિલન પ્રજાપતિ


હની અનિલકુમાર લોધા

# સમર્પણ કોલેજના એનએસએસના વિદ્યાર્થીઓ દ્વારા ફૂડ પેકેટ્સ વિતરણ

ગાંધીનગર, તા.૨૩

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સના એનએસએસના વિદ્યાર્થીઓ દ્વારા ફૂડ પેકેટ્સ વિતરણનો કાર્યક્રમ યોજાયો. સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના એનએસએસના વિદ્યાર્થીઓ દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ લોકોમાં મફતમાં ફૂડ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા એનએસએસના વોલેન્ટિયર વિદ્યાર્થીઓએ પહેલા ફંડ એકઠું કર્યુ હતું ત્યારબાદ નક્કી કરેલા ગરીબ અને જરૂરીયાતમંદ વિસ્તારોમાં જઈ ગરીબ લોકોને ફૂડ પેકેટ્સ આપ્યા હતા. વિદ્યાર્થીઓના આ ઉમદા કાર્યને પ્રોત્સાહન આપવા એનએસએસના પ્રોગ્રામ ઓફિસર પ્રોફેસર ભાલચંદ્ર પરમાર તથા પ્રોફેસર ભાવિક પટેલે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમની સફળતા માટે કોલેજના ટ્રસ્ટી મહેંદ્રસિહ વાઘેલા, આચાર્ય ડો. રાજી ડેનિસ અને ઉપઆચાર્ય ડો.રસિક તન્નાએ અભિનંદન પાઠવ્યા હતા.




## એસ. વી. શાળામાં ઉજવાયો 'હેલ્પર્સ ડે'



ગાંધીનગર, તા.૨૩

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિધાલય કેળવણી મંડળ,ગાંધીનગર સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં 'હેલ્પર્સ ડે' ઉજવવામાં આવ્યો હતો. બાળકો ડોક્ટર્સ, ટીચર્સ, ટ્રાફિક પોલિસ, પોલિસમેન,વાયરમેન, દૂધવાળો, કરિયાણાવાળા વગેરે વ્યવસાયને અનુરૂપ વસ્ત્રો પરિધાન કરી સાથે જરૂરી સામગ્રી લઈને શાળામાં આવ્યા હતા તથા પાત્રને અનુરૂપ સ્પીચ પણ આપી હતી. શિક્ષિકાઓએ પોતાની અનોખી અને રસમય શૈલીમાં, વિવિધ સ્ટોરીની મદદથી બાળકોને હેલ્પર્સ વિષે માહિતી આપી, તેમનું સન્માન કરવાની બાળકોને પ્રેરણા આપી હતી. બાળકોએ પણ અત્યંત રસપૂર્વક કાર્યક્રમ માણી, શાળાના વાતાવરણને આનંદ અને મસ્તીથી છલકાવી દીધું હતું. વાલીઓએ બાળકોને વિવિધ હેલ્પર્સના સ્વાંગમાં મોકલી, ઉત્સાહથી પોતાનો સહયોગ આપ્યો હતો. બાળકો સમાજના વિવિધ હેલ્પર્સ વિષે જાણકારી મેળવે, સમાજમાં તેમણે આપેલા યોગદાનનું મહત્વ સમજે તથા તેમના પ્રત્યે માનની દ્રષ્ટિ કેળવે તે હેતુથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## ચૌધરી સ્કુલ ખાતે અભયમ સંસ્થા દ્વારા સિવિલિયન ટ્રેનિંગ તથા સ્વરક્ષણ માટે માહિતી



ગાંધીનગરની અભયમ સંસ્થાના નિમાવત બેન, ક્રિશ્નાબેન, શેખભાઈ, ઈંજુબેન તથા અંજલીબેન ચૌધરી શાળામાં આવેલ હતા. ધોરણ ૯, ૧૦, ૧૧, ૧૨ની તમામ બાળાઓને ૧૮૧ હેલ્પલાઈન વિશેની માહિતી આપી હતી. તમામ પ્રકારની આપત્તીમાં અભયમ સંસ્થા કેટલી મદદ કરે છે તેની સંપૂર્ણ માહિતી તથા માર્ગદર્શન આપ્યા. વિદ્યાર્થીઓને મુંજવતા પ્રશ્નોની ચર્ચા કરી તેમજ તેના ઉકેલ માટેની ચાવી પણ દર્શાવી. આ કાર્યક્રમ રમીલાબેન ચૌધરીની રાહબરી હેઠળ યોજાયો. સંસ્થાના હોદેદારો માધુભાઈ ચૌધરી, મણીભાઈ ચૌધરી, સેંધાભાઈ ચૌધરી તથા રણછોડભાઈ ચૌધરી હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો. બાળાઓએ શાંતિથી કાર્યક્રમમાં માહિતી મેળવી તેમજ પોતાને સતાવતા પ્રશ્નોનું માર્ગદર્શન મેળવ્યું હતું. શાળા પરિવારે દરેકનો આભાર માન્યો હતો.

## દિવ્ય જીવન સંઘ દ્વારા ધાર્મિક પ્રવાસ યોજાયો



ગાંધીનગર, તા.૨૩

દિવ્ય જીવન સંઘ ગાંધીનગરના ઉપક્રમે ઉત્કંટેશ્વર, ડાકોર, ગલતેશ્વરના પ્રવાસનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૪૦ થી પણ વધુ યોગ ગ્રુપના ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. ઉપયુક્ત પ્રવાસમાં ડાકોર ખાતે ધજારોહણ તથા પૂજાનો કાર્યક્રમ ગ્રુપના સભ્યો દ્વારા ખુબજ ઉત્સાહથી સંપન્ન થયો હતો. પ્રવાસમાં અશ્વિનભાઈ દવે, મુકેશભાઈ શુક્લ તથા મીનાબેન ભટ્ટનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.તથા ડો. હેમાબહેન શાહ દ્વારા મંદિર દર્શન, ધજારોહણ અને ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરી હતી.

## જ્યોતિ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા કાનુની શિક્ષણ શિબિરનું આયોજન



ગાંધીનગર, તા.૨૩

જિલ્લા કાનુની સેવા સત્તામંડળ ગાંધીનગરના ઉપક્રમે શહેરની સંસ્થા જયોતિ મહિલા મંડળ દ્વારા સેકટર નં. ૫નાં રાધાકૃષ્ણ મહિલા મંડળના સહયોગમાં મહિલા જાગૃતિના હેતુથી કાનુની શિબિરનું આયોજન કરવામાં આવેલ જેમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટના પેરા લીગલ વોલન્ટીયર સુધીર દેસાઈએ ગર્ભજાતિ પરીક્ષણ નિષેધ એકટ ૧૯૯૪ , બાળકો સામે થતા જાતિય ગુના, મહિલાઓને સી.આર.પી.સી ૧૨૫ કલમ હેઠળ મળવાપાત્ર ભરણ પોષણ, ઘરેલુ હિંસા ૨૦૦૫ કાયદો તેમજ મિડિયેશન-કોર્ટમાં ચાલતા કેસોનું કોર્ટ સિવાય કાયદેસરનું સમાધાન પણ શકય છે તે અંગે ઉપસ્થિત લગભગ ૧૨૦ જેટલી મહિલાઓને સરળ ભાષામાં સમજ આપેલ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતનાબેન બુચ , ઉપપ્રમુખ વડીલ નિરૂબેન નાયક તથા બંને મંડળના મહિલા હોદ્દેદારોનું યોગદાન રહ્યું હતું

## સદભાવ ટ્રસ્ટ દ્વારા વંચિતો અને શ્રમિકોને ધાબળા ઓઢાડાયા



સદભાવ ટ્રસ્ટ,સેક્ટર ૨૩, ગાંધીનગર દ્વારા વહેલી સવારે શહેરના ફૂટપાથ પર સૂતેલા, ફૂટપાથની બાજુમાં જંગલખાતાના વૃક્ષો નીચે ખુલ્લી જમીન પર અને ખુલ્લા આકાશની નીચે સૂતેલા ઝુંપડા વિનાના શ્રમિકો - ગરીબોને ગરમ ધાબળા ઓઢાડવાનો કાર્યક્રમ કર્યો હતો . સદભાવ ટ્રસ્ટના પ્રમુખ સાકાભાઈ જે પટેલ, મંત્રી નટવરલાલ આર પટેલ, ઉપપ્રમુખ બાબુભાઈ એમ પટેલ તથા જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગરના હોદ્દેદારો વિકેશ એમ પટેલ તથા નવીનભાઈ એમ પટેલે હાજરી આપી હતી



શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જ્ઞાનમહોદધિ જિતેન્દ્રિયપ્રયદાસજી સ્વામીજી મહારાજની અનુજ્ઞાથી મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાન (એમ.એસ.જી.એસ.) સ્વામિનારાયણ મંદિર, મણિનગર ખાતે ૭૯મી સદ્ગુરુ દિન જયંતીની ઉજવણી કરવામાં આવી હતી સાથે મેડિકલ અવેરનેશ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. ઘણી મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# સ્માર્ટકિડ્સ નર્સરીમાં ક્રિસ્મસની ઉજવણી



સ્માર્ટકિડ્સ નર્સરી સ્કૂલે ક્રિસમસની ઉજવણી કરી હતી. જ્યાં તમામ બાળકોએ સેલ્ફી ઝોનમાં મનોરંજક રમતો, મનોરંજક પ્રવૃત્તિઓ અને બાળકોની મનપસંદ ફોટોગ્રાફીનો આનંદ માણ્યો હતો. માતાપિતા સાથે બાળકોએ ખાસ ડ્રેસ કોડ સાથે આ ઉજવણીમાં હાજરી આપી હતી. સુશોભિત સેલ્ફી ઝોન, મનોરંજક રમતો, મનોરંજક પ્રવૃત્તિઓ દરેક માટે મુખ્ય આકર્ષણ અને પરિપૂર્ણ ઈવેન્ટ હતી.

## ચિરવિદાય

● રૂદ્રભૂમિ ●

- સ્વ.ઠાકોર દિપાજી આતાજી ઉ.વ.૪૦, દોલારાણા વાસણા
- સ્વ.વાઘેલા જીલુજી તખુજી ઉ.વ.૬૨, લેકાવાડા
- સ્વ.લખવારા મણીબેન ક્રિષ્ણાજી ઉ.વ.૭૪, સેકટર-૨૪

● રૂદ્રભૂમિ ●

- સ્વ.દેસાઈ કાળાભાઈ ગોવાભાઈ ઉ.વ.૫૧, સુઘડ
- સ્વ.પટેલ સમીન વિરમજી ઉ.વ.૭૧, કોબા